## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અંકલ તમારી દિકરી ગાય જેવી છે તેમ કહોછો તો તમે અને લમ્પી નાં ટીકા મુકાવો પછી જ હું હા પાડુ...!!!

# ગાંધીનગર ઘ-૪ અંડરબ્રિજના ડીવાઈડર સાથે બાઈક ટકરાતા આશાસ્પદ યુવકનું મૃત્યુ

### બપોરે બાઈક પર ત્રણ મિત્રો જઈ રહ્યા હતા, તે સમયે ઘટના બની હતી, યુવક સ્વામીનારાયણ પોલીટેકનીક કોલેજમાં અભ્યાસ કરતો હતો.

ગાંધીનગર, તા.૧૪

શહેરની સેકટર-૨૨ સ્વામીનારાયણ કોલેજમાંથી છુટીને બપોરે બાઈક પર ત્રણ મિત્રો ઘરે જઈ રહ્યા હતા.

ત્યારે ઘ-૪ અંડરબ્રિજના ડીવાઈડર સાથે બાઈક ટકરાતા ત્રણ મિત્રો પૈકી એકનું મૃત્યુ નિપજયું હતું. જયારે બે મિત્રોને ઈજા પહોચતા ખાનગી હોસ્પિટલમાં ખેસડાયા હતા. કોલેજ થી દિકરો ઘરે આવશે તેની રાહ જોઈને બેઠેલા પરિવારને તેના મૃત્યુના સમાચાર મળતા નાના ચિલોડાના પટેલ પરિવાર પર આભ તુટી પડ્યું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર પાસે નાના ચિલોડા ખાતે રહેતા ચેતનભાઈ ડાહ્યાભાઈ પટેલનો ૧૯ વર્ષિય દિકરો ધ્રુવિલ શહેરની સેકટર-૨૨ સ્થિત સ્વામીનારાયણ પોલીટેકનીક કોલેજમાં ડીપ્લોમાં અભ્યાસ કરતો હતો.

ગતરોજ સવારે દરરોજની જેમ ધ્રુવિલ બાઈક લઈને કોલેજ આવ્યો હતો. ત્યારબાદ ધ્રુવિલ તેના બે મિત્રો જય ભરત પટેલ તેમજ ઝીલ સુરેશ પટેલને બાઈક પર બેસાડી બપોરે ઘરે જવા માટે નીકળ્યો હતો. તે સમયે ઘ-૪ અંડરબ્રીજ નીચે ઉતરતા સમયે બાઈક ફુલ સ્પીડે હંકારી બાઈક પરનો કાબુ ગુમાવતા બાઈક અંડરબ્રિજના ડીવાઈડર સાથે ટકરાતા ત્રણેય મિત્રો નીચે પટકાયા હતા. ત્રણેય ને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.જયાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ધ્રુવિલ પટેલનું સારવાર દરમિયાન અવસાન થયું હતું.જયારે બે મિત્રોને પણ શરીરે ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. બનાવની જાણ થતા નાના ચિલોડા થી પરિવારજનો ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા.જયારે દિકરાના અચાનક અવસાનથી પરિવારજનોનું હૈયાફાટ રૂદનથી સમગ્ર વાતાવરણમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● આ મહિનાનો આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાતંત્ર આજે આખો દિવસ મિટીંગોમાં વ્યસ્ત રહેશે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો હીટવેવ યથાવત્ રહેતાં સૌ નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

● એક્ઝીબીશન સેન્ટર ખાતે યોજાનાર ડિફેન્સ એક્સ્પોની તૈયારીઓ પૂરજોશમાં ચાલતી હોવાથી સે. ૧૭ને જોડતા 'ચ' રોડ અને 'ઘ' રોડ પર વારંવાર ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતા.

● એક્ઝીબીશન સેન્ટર નજીક ગટરલાઈનના કામ માટે ખોદકામ હાથ ધરાતાં આજે ઘણા બધાને ફરી ફરીને સચિવાલય સહિતની કચેરીઓમાં જવુ પડ્યુ હતુ.

● ચૂંટણી માટે વિવિધ નોડલ ઓફિસરોની કામગીરી અંગે આજે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

● રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા આજે ચૂંટણી વિષયક કામગીરીની તૈયારીઓને લઈ વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરાઈ હતી.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંઆજે કોરોના પ્રિકોશન ડોઝ અભિયાન અંતર્ગત ૩૩૫ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકાની નવી કચેરીના શૌચાલયોની સફાઈ સામે પ્રશ્નાર્થો ઉભા થયા છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ગટર ઉભરાવવાની સમસ્યાએ કર્મચારીઓમાં રોગચાળાનો ભય પ્રસરાવ્યો છે. તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી નહિ થતી હોવા સામે પણ રોષ ઉભો થયો છે.

● ૧૭મીએ કેન્દ્રના મંત્રીઓ ગાંધીનગર પહોંચી રહ્યા હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

ઝારખંડના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ પ્રદીપ ભટ્ટ આજે અતિરૂદ્રપમહાયાગમાં આહુતિ બાપવા માટે બ્રાહ્મણ પરિવેશ ધારણ કરી જોડાયા હતા

# ચિલોડા પાસેના ગામોમાં વીજતંત્રના દરોડા પડ્યા : ૧૦ કનેક્શન કપાયા

### ઈસનપુર મોટા ૨, ડભોડા ૧, વાંકાનેરડા ૩, વજાપુરા ૨, નવાપુરા ૨ મકાનનું વીજ જોડાણ કટ કરાયું

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા નજીકના આઠ જેટલા ગામમાં વીજકંપનીએ દરોડા પાડ્યા હતા. જેમાં મોટા ઈસનપુરમાંથી ૨, ડભોડામાંથી ૧, વાંકાનેરડામાંથી ૩, વજાપુરામાંથી ૨, નવાપુરામાંથી ૨ મકાનના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. વીજતંત્રએ ૧૦ જેટલા કનેક્શન કાપી કુલ સાડા ચાર લાખ સુધીનો દંડ ફટકાર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં અવારનવાર વીજ ચોરીના બનાવો બનતા હોય છે તો વીજ કંપની દ્વારા ચેકિંગ દરમિયાન પણ વીજ ચોરીની ઘટનાઓ સામે આવતી હોય છે જેમાં વીજ કનેક્શન પણ કાપી લેવામાં આવતા હોય છે અને તેની સામે ગુના પણ નોંધવામાં આવે છે ત્યારે જીઈબી તંત્રએ વીજ ચોરી સામે લાલ આંખ કરતાં મોટા ચિલોડા પાસેના આઠ જેટલા ગામોમાં દરોડા પાડ્યા હતા. વીજચોરીના ગુનાઓને ડામવા વીજકંપનીએ વલાદ, પ્રાંતિયા, પાલજ, ઈસનપુર મોટા, ડભોડા, વાંકાનેરડા, વજાપુરા, નવાપુરામાં વિવિધ જગ્યાએ ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં ઘણી જગ્યાએ વીજચોરી તંત્રના ધ્યાને આવી હતી. ચેકીંગ દરમિયાન વીજ ચોરી જોવા મળતા જ ૧૦ જેટલા કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. જેમાં વાંકાનેરડામાંથી ૩ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. તો મોટા ઈસનપુરમાંથી ૨ ઘરના વીજ કનેક્શન કટ કરાયા હતા. તો ડભોડામાંથી પણ એક કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વજાપુરા અને નવાપુરામાંથી ૨-૨ મકાનના વીજ કનેક્શન કાપી નાખવામાં આવ્યા હતા. ત્યારે આ તમામ સામે વીજ ચોરીના ગુના નોંધવામાં આવ્યા છે અને કુલ સાડા ચાર લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવ્યો છે એમ ચિલોડા સબ ડિવિઝન ૧ના નાયબ ઈજનેર અજીતસિંહ બિહોલાએ જણાવ્યું હતું. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વધતા વીજચોરીના બનાવો સામે તંત્રએ ફરી એકવાર લાલ આંખ કરી છે.

### ગૌરવયાત્રાનું ચિલાડો પ્રમુખ-ઇલાઇટ ખઆતે ઉષ્માભયું સ્વાગત

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર જિલ્લાના પ્રમુખ પ્રવેશદ્વાર સમાચિલોડા જંક્શન મથક પ્રમુખ ઈલાઈટ ખાતે ગુજરાત ગૌરવ યાત્રાનું મહાનુભાવેના હસ્તે પુષ્પ વર્ષા દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું આવ્યું જેમાં કેન્દ્રીમંત્રી ધર્મેન્દ્ર પ્રધ્વન, જીતુભાઈ વાઘાણી શિન્દલમંત્રી, શંકરસિંહ રાણા અમદાવાદ પૂર્વના સાંસદ હસમુખભાઈ પટેલે ધારાસાભ્ય દિલિપભાઈ પટેલ જિ. પંચાય ગાંધીનગરના પ્રમુખ, ગોવિદજી ઠાકોર પ્રવક્તા ઋત્વિજ પટેલ, લલિતસિંહ ઠાકોર, એસ.પી. ઠાકોર હિતેનદ્રભાઈ પટેલ, લાલભાઈ ચૌધરી, હસમુખભાઈ પટેલ વગેરે હોદ્દેદારો, કાર્યકરો સહિત ૪૦૦થી વધુ જનમેદની યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં ચિલાડા વિસ્તારના આસપાસ ના ભાજપના મોટી સંખ્યામાં ભાજપનો ખેસ-ટોપી ધારલ કરી ઉમટ્યા હતા

ચિલોડાથી યાત્રારથનું પ્રસ્થઆન બાદ ડાભોડા ચોકડી ખાતે ડભઓડાના કાર્યકરોએ સ્વાગત કર્યું હતું.

# સેકટર-૨૯ ખાતે બમ્પને લીધે ટું-વ્હીલર પર પડી જતા મહિલાનું મૃત્યુ

### બાળકીને લઈ દવાખાને થી દંપતિ ઘરે પરત ફરી રહ્યા હતા, તે સમયે કેન્દ્રીય વિદ્યાલય પાસે ઘટના બની હતી,

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૯ ખાતે ટું-વ્હીલર પરથી બમ્પને લીધે પડી જવાથી મહિલાનું મૃત્યું નિપજયું હતું. એસઆરપી જવાન પત્નિ અને બાળકો સાથે ઘરે જઈ રહ્યા હતા. તે સમયે કેન્દ્રીય વિદ્યાલય પાસે ઘટના બની હતી. તેણીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૯ વંદે માતરમ-૧ બ્લોક નં.૮-૭૦૩ ખાતે રહેતા જીગ્નેશભાઈ બાબુલાલ સુચક એસ.આર.પી.ગ્રુપ-૧૨ માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. જીગ્નેશભાઈની દિકરી દેવાંશીને તાવ આવ્યો હતો. જેથી પત્ની અલ્પાબેન અને બાળકો ટું-વ્હીલર પર સેકટર-૨૭ દવાખાને ગયા હતા. ડોકટર પાસે સારવાર કરાવી મેસ્ટ્રો પર ઘરે પરત જવા માટે નીકળ્યા હતા. સેકટર-૨૯ કેન્દ્રીય વિદ્યાલય પાસે માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટું-વ્હીલર મેસ્ટ્રો જીગ્નેશભાઈએ બમ્પ આવતા ધીમુ પાડ્યું હતું. પરંતુ બમ્પ પરથી પસાર થતા સમયે બેલેન્સ ગુમાવતા અલ્પાબેન નીચે પડી ગયા હતા.

અલ્પાબેનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના સ્થળે નાગરીકો મોટીસંખ્યામાં એકત્ર થઈ ગયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત તેણીને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા.જયાં સારવાર દરમિયાન અલ્પાબેનનું મૃત્યું નિપજયુ હતું.

અલ્પાબેનના અચાનક અવાસનથી સેકટર-૨૯ વંદે માતરમ ખાતે શોકનુ મોજુ ફરી વળ્યું હતું. જયારે સિવિલ ખાતે પરિવારજનોના હૈયાફાટ રૂદનને પગલે સૌ કોઈની આંખો ભીની બની હતી. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શ્રમદાનના હિમાયતી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ગુજરાત વિદ્યાપીઠના કુલપત કુલપતિપદે બિરાજશે

ગાંધીનગર, તા. ૧૪

મહાત્મા ગાંધી સ્થાપિત



ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિના સર્વોચ્ચ હોદ્દા ઉપર રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ટૂંક સમયમાં પદ ગ્રહણ કરશે. ૨૮ વર્ષથી હિમાચલપ્રદેશના ૧૦૦ એકર જમીનના ફાર્મ ઉપર પ્રાકૃતિક ખેતી અને ગાયોની દેશી ઓલાદના ઉછેરના આગ્રહી, ગુજરાતમાં ગાય-ગોબર દ્વારા પ્રાકૃતિક ખેતીનો શંખનાદ ફુંકનાર અનેક કાર્યક્રમો દ્વારા કિશાન પશુપાલકોને જાગૃત કરી દેશી ગાયોની ઉછેરની શીખ આપી મહાત્મા ગાંધીજીના વિચારોનો ફેલાવો કરનાર સાંપ્રત સમયે સાચા ગાંધીજન ગૂજરાત વિદ્યાપીઠને મળ્યાનો આનંદ સમગ્ર સેવક ગણમાં જોવાઈ રહ્યો છે. આચાર્ય દેવવ્રતજીનું સમગ્ર જીવન ગાંધીરંગે રંગાયેલુ જોવા મળે છે. ઔષધિય વનસ્પતિનો બહોળો અનુભવ, આયુર્વેદનો પ્રચાર-પ્રસાર કરવો, શુધ્ધ સફેદ ખાદીની ધોતી અને જભ્ભો પરિધાન કરી જીવનમાં એક પણ ડાઘ ન પડ્યો હોય તેવું ગાંધીજીવન પદ્ધતિથી જીવન જીવનાર અને પ્રખર ગાંધીવાદી એવા આચાર્ય દેવવ્રતજીએ હમણાં જ મોટા ચીલોડા ગામમાં મુખ્ય રસ્તાઓનો કચરો, પ્લાસ્ટીક ઉભા ઝાંડુથી વાળી અડધો કલાક જાતે સફાઈ કરેછે.

# ચિલોડા ઓમલેન્ડ માર્કના વિદ્યાર્થીઓ ૩૬મી નેશનલ ગેમ્સ માં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો



ગાંધીનગર,તા.૧૪

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત આપણા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબ દ્વારા ૩૬મી નેશનલ ગેમ્સનું ગુજરાત ખાતે આઠ અલગ અલગ જિલ્લાઓમાં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રગબી રમતનું આયોજન અમદાવાદ ખાતે ટ્રાન્સ સ્ટેડિયા માં કરવામાં આવ્યું હતું આ રગબી રમતમાં અમારી ઓમ લેન્ડમાર્ક સ્કૂલના વિદ્યાર્થીઓ જેમાં જીનલ,સોમલ, મનીષા, હિનાવંશી, મોસમ, રાહુલ, સુનિલ, જાગૃતિ, જીગ્નેશ, શ્યામ, ની સાથે કોચ યોહે અને દીપ રાવલ એમ ૧૩ જણા એ ભાગ લીધોહતો.

રમત ગમત ક્ષેત્રે ઓમ લેન્ડમાર્ક સ્કૂલ એ ગુજરાત રાજ્યમાં સતત સાત વર્ષથી પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તેમજ ૩૬મી નેશનલ ગેમ્સના સૌથી વધુ વિદ્યાર્થીઓ સાથે ભાગ લેનારી અમારી ઓમ લેન્ડમાર્ક સ્કૂલ એકમાત્ર શાળા છે. જેનો અમને આનંદ અને ગૌરવ છે. તે બદલ શાળા પરિવાર તમામ ટીમ કોચ અભિનંદન પાઠવે છે.



હોંશે હોંશે શરૂ કરાયેલા વિકાસકાર્યો ઝડપથી પૂર્ણ થાય તો ભયો ભયો... પરંતુ જો અધવચ્ચે અટકી પડે તો નાગરિકોને ખૂબ હાલાકી ભોગવવી પડે. સેક્ટર-૬માંથી સેક્ટર-૫ માં જવાના માર્ગ ઉપર કોઈ વિકાસકાર્ય માટે ૧૦ ફૂટનો મસ મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો. ચાર-પાંચ મહિના વીતી ગયા છતાં આ ખાડાને પૂરવામાં ન આવતા સામાન્ય નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

# કોબા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૦૬૧ લાભાર્થીઓને રૂ. ૧ કરોડ ૬૧ લાખ સહાયનું વિતરણ





ગાંધીનગર તા.૧૪

ગરીબ કલ્યાણ મેળાનું આયોજન છેવાડાના માનવી અને સાચા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓની સાધન-સહાય હાથોહાથ આપવા માટે કરવામાં આવે છે એમ આજે ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું. રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઈ-માધ્યમથી દાહોદ ખાતેથી ગાંધીનગર જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સંબોધન કર્યું હતું. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો આરંભ દીપ પ્રાગટ્ય કરીને કરાવવામાં આવ્યો હતો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ પ્રસંગે કહ્યું હતું કે, આ મેળાનો આરંભ દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦માં કરવામાં આવ્યો હતો. ભૂતકાળમાં સરકારની અનેક યોજનાઓના લાભ સાચા લાભાર્થીઓ સુધી પહોંચી શકતા ન હતા. વચેટીયાઓ મારફતે વિવિધ યોજનાઓના લાભો પહોંચતા હતા. કેટલાક લાભો તો માત્ર કાગળ પર જ મળતા હતા. ગરીબ કલ્યાણ મેળા થકી વચેટિયાઓ દૂર થયા છે. રાજ્ય સરકારની વિવિધ સહાય યોજનાઓનો લાભ સાચા અને જરૂરિયાતમંદ લાભાર્થીઓને સીધો જ મળી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, કોઈપણ વ્યક્તિને જીવનમાં ગરીબ રહેવાની ઈચ્છા હોતી નથી, તેમને રોજગારી અને વ્યવસાય માટે થોડીક સાધન-સહાયની જ જરૂરિયાત હોય છે. આવી વ્યક્તિઓને થોડીક સહાય મળી રહે તો તેઓ આત્મનિર્ભર બની સન્માનભેર જીવન વિતાવી શકે છે. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી યોજાતા ગરીબ કલ્યાણ મેળા થકી રાજ્યમાં અનેક ગરીબ પરિવારો સન્માનભેર જીવન જીવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, આ સરકારના શાસનમાં ગ્રામ્ય કક્ષાએ ૨૪ કલાક વીજળીની સુવિધાઓ મળી રહી છે. તેમજ મધ્યમ અને ગરીબ પરિવારોને પણ આરોગ્ય સુરક્ષા કવચરૂપ આયુષ્યમાન કાર્ડ આપવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા થકી અત્યાર સુધીમાં ૧ કરોડ કરતાં વધુ લાભાર્થીઓને રૂ. ૩૪ હજાર કરોડના લાભો સાચા લાભાર્થીઓને હાથોહાથ આપવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતીઓ ખમીરવંતા છે, એટલે જ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. ગુજરાતનો આવનારો સમય સુવર્ણ બનશે તેવો આત્મવિશ્વાસ વ્યકત કરીને મંત્રીશ્રીએ દેશને વિશ્વગુરુ બને તે દિશામાં આ સરકારે સુચારુ આયોજન કર્યા છે એમ કહ્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા થકી આજે ૧૦૫૧ લાભાર્થીઓને ૧૪ વિભાગની વિવિધ સહાય યોજનાઓની રૂપિયા ૧ કરોડ, ૬૧ લાખની સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.આ પ્રસંગે વિવિધ સહાય યોજનાઓના લાભ મેળવનાર લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. મંત્રીશ્રીએ વિવિધ વિભાગના સ્ટોલ્સની મુલાકાત લઈ લાભ લેનાર લાભાર્થીઓના પ્રતિભાવ તેમના સ્વમુખે સાંભળ્યા હતા. તેમણે મતદાન જાગૃતિના સેલ્ફી પોઈન્ટ ખાતે ફોટો પડાવી મતદાન જાગૃતિનો સંદેશ પણ આપ્યો હતો.

### મહાદેવ દેસાઇ ગ્રામસેવા સંકુલ,

# સાદરાના અગ્રેજી વિભાગમાં એક દિવસીય વ્યાખ્યાન માળા યોજાઈ









ગાંધીનગર,તા.૧૪

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલના અંગ્રેજી વિભાગમાં ગુજરાતના જાણીતા અંગ્રેજી વિષયના તજજ્ઞ એવા ડૉ. ઈન્દીરા નીત્યાનંદન મેડમના વ્યટખ્યાનનું આયોજન થયું હતું. ગુજરાત વિદ્યાપીઠના આ ગ્રામસેવા સંકુલમાં ગુજરાત ભરના ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ કેળવણી પ્રાપ્ત કરે છે. તેમનામાં વિષય પરત્વેની અભિરુચિ વધે અને તે વિષય સંદર્ભે નવા આયામો વિષે જ્ઞાત થાય તે આશયથી ચારેક દાયકાથી અંગ્રેજી સાહિત્યના શિક્ષક અને અભ્યાસુ એવા ડૉ. ઈન્દીરા મેડમની વ્યાખ્યાન માલનુંઆયોજન થયુંહતુંજેમા અંગ્રેજી વિભાગના વિદ્યાથીઓ ઉત્સાહભેર જોડાયા હતા. તેમની આગવી અને રસાલ શૈલીમાં વાક્તાશ્રીએ વિદ્યાર્થીઓને દલિત સાહિત્ય અને ઈન્ડિયન ઈંગ્લીશ સાહિત્યમાં મોર્ડન પ્રવાહો વિષે વાત મૂકી વિદ્યાર્થીઓ સાથે સંવાદ શૈલીમાં સુંદર વ્યાખ્યાનો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંયોજક શ્રી પ્રો. ડૉ. રાજેન્દ્ર જોષીના માર્ગદર્શનમાં અધ્યક્ષ ડૉ. અતુલ પરમાર અને અધ્યાપકો ડૉ. અમરેન્દ્ર પાંડે અને ડૉ. દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.


## ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ

ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦, ગાંધીનગર
મો. નં.૯૯૭૮૪ ૪૧૧૪૭-૪૮, ફેક્સ - ૦૭૯૨૩૨૨૨૩૯૬
Email-gwilcompany1@gmail.,com

### જાહેર નિવિદા નં. ૦૫/૨૦૨૨

ચીફ જનરલ મેનેજર (પ્રો.) ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ દ્વારા ધરાઈથી ભેંસાણ બલ્ક પાઈપલાઈન પ્રોજેક્ટની કામગીરી માટે AA ક્લાસ રજીસ્ટ્રેશન ધરાવતા અનુભવી ઠેકેદારશ્રીઓ પાસેથી ટુ બીડ પદ્ધતિથી ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | ટેન્ડર આઈડી નં. | વિગતો | ટેન્ડર ફી (રૂ.) | ઈ.એમ.ડી. (રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ૫૫૯૦૦૬ | Work of Design and Construction of Dharai to Bhesan Bulk Pipeline 63 Kms Including Repairing of Pumping Machinery Station with 10 Years Comprehensive Operation and Maintenance Under Dharai to Bhesan Bulk Pipeline Project | રૂ. ૫૦,૦૦૦.૦૦ | રૂ. ૨,૯૩,૩૭,૦૦૦.૦૦ |

● ટેન્ડર ડાઉનલોડીંગ શરૂ કરવાની તારીખ : ૧૪/૧૦/૨૦૨૨
● સાઈટ વીઝીટ - ૧૯/૧૦/૨૦૨૨ સવારે ૯.૦૦ કલાકે
● પ્રી બીડ મીટીંગ - ૨૦/૧૦/૨૦૨૨, ૧૨.૦૦ કલાક GWIL બોર્ડ રૂમ ખાતે.
● ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૨૧/૧૧/૨૦૨૨, ૧૮.૦૦ કલાક
● ડોક્યુમેન્ટ ફિજીકલ સબમીશનની છેલ્લી તારીખ : ઓનલાઈન સબમીસન પૂર્ણ થયા પછીના બીજા ચાલુ કામકાજના દિવસે ૧૬:૦૦ કલાક સુધી એટલે કે તા. ૨૨/૧૧/૨૦૨૨, ૧૬.૦૦ કલાક સુધી
● ટેન્ડર ઓપનીંગ : ૨૨/૧૧/૨૦૨૨, ૧૭:૦૦ કલાક
● રસ ધરાવતા ઠેકેદારે વધુ વિગત માટે http://gwil.nprocure.com વેબસાઈટ વિઝીટ કરવી. આ કામોની વિગતો જેવી કે કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ, એમેન્ડમેન્ટ કે કોઈપણ ફેરફાર ફક્ત વેબસાઈટ પર જ મુકવામાં આવશે.

માહિતી/૧૭૨૮/૨૨-૨૩